વરસાદના વિરામ વચ્ચે સુરતમાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી

સુરતઃ વરસાદી માહોલ વચ્ચે અચાનક વિરામ આવતા શુક્રવારે સુરતનું મહત્તમ તાપમાન આંશિક વધીને ૩૨.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થતાં તે ૨૬.૯ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ૭૦ ટકા ભેજ નોંધાયો હતો. જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ૮ કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાયો હતો. ભેજ અને તાપમાનના સંયોજનને કારણે તાપમાન ૩૨.૬ ડિગ્રી હોવા છતાં લોકોને વાસ્તવિક ગરમીનો અનુભવ વધુ થયો હતો.

સગીરા સાથે કારખાનામાં દુષ્કર્મ કરનાર આરોપીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ વરાછા પોલીસ સ્ટેશનમાં સગીરા સાથે દુષ્કર્મ સહિતની ગંભીર કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી કલ્પેશ ભીખા પરમારે કરેલી જામીન અરજી સુરતની કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી સામે વાતચીત કરવાનાં બહાને રાત્રે બે વાગે ભોગ બનનારને કારખાના પર બોલાવી બળાત્કાર ગુજાર્યો હોવાનો આરોપ હતો. આ જામીન અરજીની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે આરોપી નિર્દોષ હોવાની તથા તેને ખોટી રીતે સંડોવવામાં આવ્યો હોવાની દલીલ કરી હતી. જ્યારે સરકાર પક્ષે ગુનાની ગંભીરતા, તપાસ ચાલુ હોવા અને આરોપી જામીન પર છૂટે તો સાક્ષીઓ પર દબાણ કે પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા દર્શાવી જામીનનો વિરોધ કર્યો હતો. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

પુણાગામમાં દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો થતા પતિનો આપઘાત

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની યોગેશ શ્રીચંદ કુષ્વાહ (28 વર્ષ) હાલ પુણા ગામ રોડ પર આવેલી વિવેકાનંદ સોસાયટીમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે સિલાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. યોગેશને નશો કરવાની કુટેવ હતી. શુક્રવારે રક્ષાબંધનના દિવસે સવારે યોગેશ દારૂનો નશો કરી ઘરે આવ્યો હતો. બાદમાં નશાની હાલતમાં પત્ની સાથે ઝઘડો કર્યો હતો. જે ઝઘડાના લીધે તેની પત્ની પિયરે ચાલી ગઈ હતી. દરમિયાન બપોરે યોગેશે ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. થોડાક સમય બાદ યોગેશના ભાઈ ઘરે આવતા સમગ્ર ઘટનાની જાણ થઈ હતી.

મોટા વરાછામાં ફ્લેટના બેડરૂમમાં દોઢ વર્ષિય બાળક રમતા રમતા ફસાઈ ગયો

સુરતઃ મોટા વરાછામાં દુખિયાના દરબાર પાસે ગોપીન ગામ નજીક આવેલા શિલાલેખ એપાર્ટમેન્ટમાં રહેતા સાગર ગજેરાનો દોઢ વર્ષિય પુત્ર અયાન્સ ગુરુવારે રાત્રે બેડરૂમના રમતા રમતા દરવાજો લોક થઈ ગયા બાદ તે સુઈ ગયો હતો. જોકે થોડા સમય બાદ તેના પરિવારના સભ્યોએ દરવાજો ઘણા સમય સુધી ખખડાવતા તેણે જવાબ આપ્યો ન હતો. તેના પરિવારજનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કરવો છતાં ખુલ્યો ન હતો. કોલ મળતા ફાયર લાશ્કરો ત્યાં પહોંચીને દરવાજાનું લોક ફાયરના સાધન વડે તોડીને અંદર ગયા હતા ત્યારે બાળક રૂમમાં સહીસલામત મળ્યો હતો.

દારૂ સાથે પકડાયેલા બુટલેગરની જામીન અરજી નામંજૂર

સુરતઃ દારૂના જથ્થા સાથે સુરત રેલ્વે પોલીસે ધરપકડ કરેલાં બુટલેગરની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. સુરત રેલવે સ્ટેશન ઉપરથી રૂા. ૧ લાખના દારૂ સાથે બુટલેગર કૃણાલ પ્રશાંત ઈગળે નામના યુવકની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે કુલ્લે રૂા.૧ લાખની કિંમતનો બ્રાન્ડેડ દારૂ જપ્ત કર્યો હતો. આ કેસમાં જામીન મુક્ત થવા માટે આરોપી કૃણાલે અરજી કરતા સુનાવણી બાદ કોર્ટે અરજી નામંજૂર કરી હતી.

સાયબર ગુનેગારોએ પણ સુરતમાં ઠગાઈની નવી-નવી પદ્ધતિઓ અપનાવી

ડિજિટલ સંપત્તિની લાલચમાં વોલેટ થશે ખાલી

ક્રિપ્ટો સ્કેમની નવી તરકીબો, MLM મોડલ, ફેક વોલેટ, ડિજિટલ એસેટની મિરર ઈમેજ

100 ટકા ગેરેન્ટેડ રિટર્ન" કે "ઝીરો રિસ્ક" જેવા દાવાઓ સૌથી મોટા રેડ ફ્લેગ્સ

સુરતઃ ક્રિપ્ટોકરન્સી અને ડિજિટલ એસેટ્સમાં રોકાણનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે, ત્યારે સાયબર ગુનેગારોએ પણ ઠગાઈની નવી-નવી પદ્ધતિઓ અપનાવી લીધી છે. હવે માત્ર સામાન્ય ફેક ઈન્વેસ્ટમેન્ટ પૂરતું મર્યાદિત નથી, પરંતુ MLM (મલ્ટી લેવલ માર્કેટિંગ) મોડલ, ફેક વોલેટ, ડિજિટલ એસેટની મિરર ઈમેજ, ફેક પ્રોફિટ અને સોશિયલ મીડિયા પર બનાવવામાં આવતી વિશ્વસનીયતાનો ઉપયોગ કરીને લોકોને લાખો-કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. ખાસ કરીને સુરત શહેરમાં પણ લેભાગુ ઈન્ફ્લુએન્સર્સના ઓથા હેઠળ અનેક ઠગો સક્રિય થયા છે અને અજાણ રોકાણકારોને મોટો ચૂનો ચોપડી રહ્યા હોવાનું સપાટી પર આવ્યું છે.

ફેક ક્રિપ્ટો અને એમએલએમ (MLM) સ્કેમઃ સોશિયલ મીડિયા, વોટ્સએપ કે ટેલિગ્રામ દ્વારા ઊંચા અને ગેરંટીવાળા વળતરની લાલચ આપવામાં આવે છે. શરૂઆતમાં નાની રકમ પર નફો બતાવી મોટી રકમ રોકવા દબાણ કરાય છે. તેમજ નવા સભ્યો જોડવા પર કમિશન આપીને પોન્ઝી નેટવર્ક ચલાવાય છે.

મિરર ઈમેજ અને ફેક વોલેટ સ્કેમઃ આ સૌથી ખતરનાક પદ્ધતિ છે. રોકાણકારને ફેક એપ કે ડેશબોર્ડ પર બિટકોઈન કે USDTનું મોટું બેલેન્સ દેખાડવામાં આવે છે, પરંતુ બ્લોકચેઈન પર વાસ્તવિક માલિકી હોતી નથી. વિથડ્રોઅલ વખતે ટેક્સ, જીએસટી કે કેવાયસીના નામે વધુ નાણાં માંગવામાં આવે છે.

રોમાન્સ સ્કેમ અને પંપ-એન્ડ-ડમ્પઃ ડેટિંગ પ્લેટફોર્મ કે સોશિયલ મીડિયા પર લાંબા સમય સુધી સંબંધો બાંધીને વિશ્વાસ કેળવવામાં આવે છે. તેમજ નકલી ટોકનની માંગ કૃત્રિમ રીતે વધારીને સામાન્ય રોકાણકારોના પૈસા ખંખેરી લેવામાં આવે છે.

ક્રિપ્ટો સ્કેમથી બચવા વેરિફિકેશન જરૂરીઃ ડો. સ્નેહલ વકીલના, સાયબર એક્સપર્ટ

આ મામલે જાણીતા સાયબર લો અને સાયબર સુરક્ષા નિષ્ણાત ડો. સ્નેહલ વકીલે જણાવ્યું છે કે, ક્રિપ્ટો સ્કેમમાં સૌથી મોટું હથિયાર ટેક્નોલોજી નહીં પરંતુ વિશ્વાસ અને લાલચ છે. વોલેટમાં દેખાતી બેલેન્સ, એપમાં દેખાતો નફો કે બ્લોકચેઈનનો સ્ક્રીનશોટ પોતે માલિકીનો પુરાવો નથી. કોઈપણ ટ્રાન્ઝેક્શન પહેલાં વોલેટ એડ્રેસ, ટ્રાન્ઝેક્શન હેશ અને ફંડ ફ્લોની સ્વતંત્ર ચકાસણી કરવી અનિવાર્ય છે. સાયબર સુરક્ષાના દૃષ્ટિકોણથી રોકાણકારોએ માત્ર એપ કે ડેશબોર્ડના આંકડાઓ પર આંખ બંધ કરીને વિશ્વાસ ન રાખવો જોઈએ. માર્કેટમાં "100 ટકા ગેરેન્ટેડ રિટર્ન" કે "ઝીરો રિસ્ક" જેવા દાવાઓ સૌથી મોટા રેડ ફ્લેગ્સ છે. ડિજિટલ સંપત્તિમાં રોકાણ કરતી વખતે અંધાધૂંધ "વિશ્વાસ" કરવાને બદલે સચોટ "વેરિફિકેશન" કરવું જ સુરક્ષાની સાચી ચાવી છે.

યાર્નનો સ્ટોક ખૂટે તો પાંડેસરાના વિવર્સે કારખાનું બંધ રાખવું પડશે!

સ્ટોક ધરાવતા વિવર્સને અન્ય સભ્યોને યાર્ન આપવાની અપીલ

સ્ટોક બચાવવા અઠવાડિયામાં બે દિવસ પ્રોડક્શન કાપનો નિર્ણય

સુરત : યાર્નના ભાવમાં સતત વધઘટ અને બજારમાં સર્જાયેલી અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે પાંડેસરા વિવર્સ કો.ઓપ. સોસાયટી લિ.ની વ્યવસ્થાપક સમિતિએ મહત્વનો નિર્ણય લીધો છે. સોસાયટીના ઠરાવ મુજબ હાલ વિવર્સ સભ્યો પાસે ઉપલબ્ધ યાર્નના સ્ટોકનો ઉપયોગ કરીને આગામી સમયનું ઉત્પાદન ચલાવવાનું રહેશે.

સોસાયટીના પ્રમુખ આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, જે વિવર્સ સભ્યો પાસે યાર્નનો સ્ટોક ઉપલબ્ધ છે તેમને હાલના સ્ટોકમાંથી જ ઉત્પાદનનું કામ ચલાવવા સૂચના આપવામાં આવી છે. જો કોઈ સભ્ય પાસેનો યાર્નનો સ્ટોક સંપૂર્ણપણે ખતમ થઈ જાય, તો તેણે કારખાનું બંધ રાખવું પડશે અથવા ઉત્પાદન ચાલુ રાખવા માટે ઉપલબ્ધ સ્ટોકના પ્રમાણને ધ્યાનમાં રાખીને અઠવાડિયામાં બે દિવસનો પ્રોડક્શન કાપ મૂકવો પડશે. જે વિવર્સ સભ્યો પાસે યાર્નનો પુરતો જથ્થો અથવા જરૂરિયાત કરતાં વધારે સ્ટોક ઉપલબ્ધ હોય, તેઓ અન્ય સભ્યોને કારખાનું ચાલુ રાખવા માટે જરૂરી પ્રમાણમાં યાર્નનો સ્ટોક આપી શકશે.

આ નિર્ણયનો હેતુ યાર્નની ઉપલબ્ધતા મુજબ ઉત્પાદન વ્યવસ્થિત રીતે ચાલુ રાખવાનો અને જે એકમો પાસે સ્ટોક નથી તેમના ઉત્પાદન પર પડતી અસરને ઘટાડવાનો હોવાનું માનવામાં આવે છે. સોસાયટીના ઠરાવમાં યાર્ન બેંકના સ્ટોક અંગે પણ મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. યાર્ન બેંક પાસે જે પણ સ્ટોક ઉપલબ્ધ હશે તે જરૂરિયાત મુજબ એડહોક ધોરણે આપવામાં આવશે. એટલે કે યાર્ન બેંકમાં ઉપલબ્ધ જથ્થાનો ઉપયોગ પણ સભ્યોને ઉત્પાદન ચાલુ રાખવામાં મદદરૂપ થાય તે રીતે કરવામાં આવશે.

પાંડેસરા વિસ્તારના વિવર્સ માટે યાર્ન ઉત્પાદનનું મુખ્ય કાચું માલ હોવાથી તેની ઉપલબ્ધતા અને ભાવ બંને ઉત્પાદનના આયોજનને સીધી અસર કરે છે. આવી સ્થિતિમાં સોસાયટી દ્વારા સ્ટોકનું વ્યવસ્થિત સંચાલન કરવા તથા સભ્યો વચ્ચે ઉપલબ્ધ જથ્થાની વહેંચણી દ્વારા ઉત્પાદનને શક્ય તેટલું જાળવી રાખવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

શહેરની હેલ્થ કેવી રીતે સુધરશે? હેલ્થ સેન્ટરની પાસે જ કચરો

■ એક તરફ સ્વચ્છ શહેરની ગુલબાંગો પોકારવામાં આવે છે અને બીજી તરફ સુરત શહેરમાં રૂદરપુરા હેલ્થ સેન્ટર પાસે જ કચરાના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. સામાન્ય રીતે હેલ્થ સેન્ટરમાં લોકો સારા થવા આવે છે પરંતુ જે રીતે આ કચરાના ઢગલા છે તેને કારણે હેલ્થ સેન્ટરમાં આવનારા દર્દીઓની તબિયત વધુ બગડે તેવી સંભાવના છે. મનપાના સેન્ટ્રલ ઝોનના આરોગ્ય ખાતાના અધિકારીઓને જાણે આ દેખાતું જ નથી તેવો ઘાટ છે.

કારનો દરવાજો ખોલી દેતા મોપેડ ચાલકનું અથડાતા મોત

સુરતઃ નાનપુરા વિસ્તારમાં આવેલા રિવર પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા મોહમ્મદ અમીન ઉસ્માનગણી શેખ (ઉં.વ. 56) નાનપુરા ખાતે નોનવેજનો વેપાર કરતા હતા. તેઓ એક પુત્ર અને બે પુત્રી સહિત પરિવાર સાથે રહેતા હતા. મંગળવારે બપોરના સમયે મોહમ્મદ અમીન મોપેડ લઈને દુકાને જવા નીકળ્યા હતા. દરમિયાન નાનપુરા રંગઉપવન મલ્ટીલેવલ પાર્કિંગ નજીક એક કાર ઊભી હતી. આ સમયે કારની પાછળની સીટ પર બેઠેલી મહિલાએ અચાનક કારનો દરવાજો ખોલી દીધો હતો. અચાનક ખુલેલા દરવાજાને કારણે મોહમ્મદ અમીનની મોપેડ ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે તેઓ મોપેડ પરથી ઉછળીને રસ્તા પર પટકાયા હતા. અકસ્માત બાદ આસપાસના દુકાનદારો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. 108 એમ્બ્યુલન્સ મારફતે ગંભીર રીતે ઈજાગ્રસ્ત મોહમ્મદ અમીનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં, સારવાર દરમિયાન આજે સવારે તેમનું મોત નીપજ્યું હતું. અઠવાલાઈન્સ પોલીસે ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

જાહેરનામું
મતદારયાદી પ્રસિધ્ધિનો કાર્યક્રમ
(જુઓ નિયમ-૪,૫,૬ અને ૭)

ક્રમાંકઃએડીએમ/ચૂંટણી/વ.તા.સ.ખ.વે.સંઘ/૦૧/૨૦૨૬

વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડની વ્યવસ્થાપક સમિતિના કુલ ૧૨ સભ્યોની ચૂંટણી હાથ ધરવાની છે. જેના સંદર્ભમાં ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતોના નિયમો-૧૯૮૨ના નિયમ-૪, ૫, ૬ અને ૭ની જોગવાઈ અન્વયે સદરહુ સંઘના નીચે જણાવ્યા મુજબ-૩ (ત્રણ) વિભાગના સભાસદોના વિભાગની તૈયાર કરવામાં આવેલ મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિનો કાર્યક્રમ નીચે મુજબ કરવામાં આવે છે અને ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો ૧૯૮૨ના નિયમ-૧૬થી તેમજ કલેક્ટરશ્રી વલસાડના તા.૧૭-૦૮-૨૦૨૬ ના નં.ચૂંટણી/વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી/૨૦૨૬ થી મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, નાયબ કલેક્ટર, વલસાડ આથી જાહેર કરું છું કે તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી વ્યવસ્થાપક સમિતિના કુલ-૧૨ સભ્યોની ચૂંટણી થવાની છે. તે અંગે ચૂંટણી અંગેની જાહેરાત નમુનો-૧ ની અનુસુચિના નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળોની ચૂંટણી સંબંધમાં નિયમ-૧૬ હેઠળ નીચે મુજબ કાર્યક્રમ નક્કી કર્યો છે.

મતદાર વિભાગો		
૧	અ-વર્ગઃ સંયોજીત સેવા સહકારી મંડળી વિ.કા. સહકારી મંડળીના પ્રતિનિધિ	૯
	બ-વર્ગઃ સંયોજીત મંડળીઓ પૈકી રૂપાંતર મંડળી, દૂધ મંડળી તથા કન્ઝ્યુમર્સ મંડળી બીજી અન્ય પ્રકારની મંડળી પ્રતિનિધિ	૨
	ક-વર્ગઃ સંઘના વ્યક્તિ સભ્યો પૈકી ચૂંટાયેલ ૪ ડેલીગેટો પૈકી	૧

મતદાર યાદીનો કાર્યક્રમ

અ.નં.	વિગત	તારીખ/વાર	સમય	સ્થળ
૧	કામચલાઉ મતદાર યાદીની પ્રસિધ્ધિ	૨૯-૦૮-૨૦૨૬ (શનિવાર)	સવારે ૧૧:૦૦ કલાકે	૧. વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડ ૨. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી વલસાડ ૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કચેરી, વલસાડ (ગ્રામ્ય) ૪. જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, વલસાડ.
૨	પ્રસિધ્ધિની તારીખથી મતદાર યાદી સામે દાવો/વાંધો હોય તો તે રજુ કરવાની છેલ્લી તારીખ	૦૭-૦૯-૨૦૨૬ (સોમવાર)	૧૫:૦૦ કલાક સુધી	ચૂંટણી અધિકારી સમક્ષ, નાયબ કલેક્ટરની કચેરી, વલસાડ
૩	મતદાર યાદી સામે આવેલ દાવા અને વાંધાઓના નિકાલ કરવાની છેલ્લી તારીખ	૦૮-૦૯-૨૦૨૬ (મંગળવાર)	સવારે ૧૧:૦૦ કલાકે	ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર કચેરી, વલસાડ
૪	આખરી મતદાર યાદીની પ્રસિધ્ધિ	૦૯-૦૯-૨૦૨૬ (બુધવાર)	સવારે ૧૧:૦૦ કલાકે	૧. વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડ ૨. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, વલસાડ ૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કચેરી, વલસાડ (ગ્રામ્ય) ૪. જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, વલસાડ

ચૂંટણી અંગેની જાહેરાત

નમૂનો-૧,
(જુઓ નિયમ-૧૬)
અનુસૂચિ

૧	મતદાર વિભાગનું નામ	અ-વર્ગઃ સંયોજીત સેવા સહકારી મંડળી વિ.કા.સહકારી મંડળીના પ્રતિનિધિ	૯
		બ-વર્ગઃ સંયોજીત મંડળીઓ પૈકી રૂપાંતર મંડળી, દૂધ મંડળી તથા કન્ઝ્યુમર્સ મંડળી બીજી અન્ય પ્રકારની મંડળી પ્રતિનિધિ	૨
		ક-વર્ગઃ સંઘના વ્યક્તિ સભ્યો પૈકી ચૂંટાયેલ ૪ ડેલીગેટો પૈકી	૧
૨	ઉમેદવારી પત્રો મેળવવા અને ભરેલા ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ.	તા.૧૦-૦૯-૨૦૨૬ (ગુરુવાર) થી તા.૧૪-૦૯-૨૦૨૬ (સોમવાર) (દરરોજ ૧૫-૦૦ કલાક સુધી) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ		
૩	મળેલા ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખઃ	તા.૧૦-૦૯-૨૦૨૬ (ગુરુવાર) થી તા.૧૪-૦૯-૨૦૨૬ (સોમવાર) (દરરોજ ૧૫-૦૦ કલાક સુધી) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ		
૪	ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ, સમય અને સ્થળ.	તા. ૧૬-૦૯-૨૦૨૬ (બુધવાર) ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ		
૫	માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખઃ	તા.૧૬-૦૯-૨૦૨૬ (બુધવાર)ના રોજ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ		
૬	ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ.	તા.૧૭-૦૯-૨૦૨૬ (ગુરૂવાર) ૧૫-૦૦ કલાક સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ		
૭	હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની	તા.૧૮-૦૯-૨૦૨૬ (શુક્રવાર)		
૮	મતદાન જરૂરી હોય તો તેની તારીખઃ	તા. ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર)		
૯	જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય.	સવારના ૮-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી		
૧૦	મત ગણતરી માટેની તારીખઃ	તા. ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર) ૧૭-૦૦ કલાકથી પૂર્ણ થાય ત્યાં સુધી		
	મત ગણતરી સ્થળઃ એ.પી.એમ.સી. વલસાડ			

સ્થળઃ વલસાડ
તારીખઃ As per E-Sign

E-Sign/-
(વિમલ પટેલ)
ચૂંટણી અધિકારી,
વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ
અને નાયબ કલેક્ટર, વલસાડ

નં. માહિતી/વલસાડ/૩૫૩/૨૦૨૬

'વર્ક ફ્રોમ હોમ'ના નામે રૂપિયા ૫.૯૮ લાખની ઠગાઈ કરનાર રત્નકલાકાર પકડાયો

સુરતઃ ટેલિગ્રામ મારફતે લિંક મોકલી રૂપિયા ૫,૯૮,૮૦૦ની ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા કાપોદ્રાના ૨૩ વર્ષીય રત્નકલાકારને સુરત સાયબર સેલની ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીને ઝડપી પાડ્યો હતો.ઝડપાયેલા આરોપીની ઓળખ રવિ સંજયભાઈ લાલજીભાઈ બારૈયા (ઉં.વ.૨૩, ધંધો-હીરામજૂરી, રહે. ગાયત્રી સોસાયટી, કાપોદ્રા, સુરત, મૂળ ગંગાનગર, ગારીયાધાર, ભાવનગર) તરીકે થઈ છે. રવિ બારૈયાના IDFC FIRST Bankના ખાતામાં ફરિયાદીના રૂપિયા ૧ લાખ ટ્રાન્સફર થયા હતા. આરોપીએ કમિશન મેળવવાની લાલચમાં પોતાના બેંક ખાતાની કિટ સહઆરોપી ગૌતમ બારૈયાને સાયબર ફ્રોડ કરવા માટે આપી દીધી હતી. આરોપીના બેંક ખાતામાં તપાસ દરમિયાન કુલ રૂપિયા ૭,૧૧,૪૭૫ના સાયબર ફ્રોડ સંબંધિત ટ્રાન્ઝેક્શન મળ્યા હતા.

પોલીસને પડકાર, વોન્ટેડ બુટલેગર કાલુ સુરતમાં બિનધાસ્ત પણે ફરે છે!

બ્રાન્ચના ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓએ કાલુને આપી 'બિનધાસ્ત' રહેવાની છૂટ

સુરતઃ સુરત શહેર પોલીસ બેડાને શરમજનક સ્થિતિમાં મૂકતી ઘટનામાં જુગારધામ અને દારૂના દરોડા પ્રકરણમાં પોલીસ ચોપડે ઓફિશિયલી 'વોન્ટેડ' જાહેર થયેલો કુખ્યાત જુગારી કમ બુટલેગર કમલેશ ઉર્ફે કાલુ જયંતી પટેલ માત્ર કાગળ પર જ વોન્ટેડ છે, જ્યારે વાસ્તવિકતામાં તે સુરત શહેરમાં ખુલ્લેઆમ અને બિનધાસ્ત રીતે ફરી રહ્યો છે. પોલીસ બ્રાન્ચના કેટલાક ભ્રષ્ટ અને કરપ્ટેડ પોલીસ કોન્સ્ટેબલોએ બુટલેગર કાલુને કાયદાનો કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર બિન્દાસ્ત રહેવાની અને ધંધો ચાલુ રાખવાની ખુલ્લી છૂટ આપી દીધી છે.

બ્રાન્ચની રહેમનજર હેઠળ દેશી દારૂનું ભરણ યથાવત

વોન્ટેડ હોવા છતાં બ્રાન્ચના ચોક્કસ કર્મચારીઓ દ્વારા આ કુખ્યાત બુટલેગરને છાવરવામાં આવી રહ્યો છે. તેના જ પરિણામે આજે પણ આખા સુરત શહેરમાં તેના નેટવર્ક દ્વારા દેશી દારૂનો મોટો જથ્થો છડેચોક ઠાલવવામાં આવી રહ્યો છે. શહેરના ગલી-કૂંચીઓથી લઈને મુખ્ય વિસ્તારો સુધી કાલુનો દારૂ સપ્લાય થઈ રહ્યો છે અને તેને છાવરનારા પોલીસ કોન્સ્ટેબલો દર મહિને મોટી રોકડી કરીને પોતાના ખિસ્સા ભરી રહ્યા છે.

પોલીસની છબી ખરડાઈ, ઉચ્ચ અધિકારીઓના દાવા પોકળ

એક તરફ ભાવનગરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડ બાદ રાજ્યના ગૃહવિભાગના આદેશ બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ શહેરમાંથી ગુનાખોરી અને દારૂનું દૂષણ નાબૂદ કરવાના મોટા મોટા દાવાઓ કરે છે, તો બીજી તરફ નીચલા સ્તરના કરપ્ટેડ કોન્સ્ટેબલો વોન્ટેડ ગુનેગારો સાથે હાથ મિલાવીને ખાખી વર્દીને દાગ લગાડી રહ્યા છે. કાગળ પર વોન્ટેડ દર્શાવીને માત્ર સંતોષ માનતી પોલીસ કાલુ જેવા બુટલેગરને પકડવાની તાકાત કેમ દાખવતી નથી? તેવા સવાલો હવે શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યા છે.જો ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા બ્રાન્ચના આ કરપ્ટેડ કર્મચારીઓની કોલ ડિટેલ્સ અને લોકેશનની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, તો કાલુને રક્ષણ આપતા આ ખાખીધારીઓના કાળા ચહેરા ખુલ્લા પડી શકે તેમ છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ કમિશ્નર આ ભ્રષ્ટ કર્મચારીઓ અને બિન્દાસ્ત ફરતા કાલુ સામે કેવા કડક પગલાં ભરે છે.

મેયરના ઘરે હોટફિક્સ વેસ્ટ ફેંકવામાં 'આપ'ના આઠ કાર્યકરો સામે ગુનો

કાર્યકરોએ હંગામો કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ

આપના પાયલ સાકરીયા સામે ફરિયાદ નહીં?

સુરત : વરાછાના માતાવાડી વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના મેયરના નિવાસસ્થાન બહાર હોટફિક્સ મશીનમાંથી નીકળતા ડાયમંડ વેસ્ટનો ઢગલો કરી સોસાયટીનો રસ્તો અવરોધવાના મામલે આમ આદમી પાર્ટીના આઠ નેતાઓ-કાર્યકરો સામે વરાછા પોલીસે ગુનો નોંધ્યો છે. રહીશોના આવનજાવનમાં અડચણ ઊભી કરવા ઉપરાંત કથિત રીતે હંગામો કરી સ્થાનિકોને ઉશ્કેરવાના આક્ષેપસર કાર્યવાહી કરાઈ છે.

ઘટનાસ્થળે હાજર લોકોમાં ચર્ચા મુજબ સમગ્ર વિરોધ અને હોબાળા દરમિયાન આમ આદમી પાર્ટીના મહિલા નેતા અને મનપાના પૂર્વ વિપક્ષી નેતા પાયલ સાકરીયા પણ ત્યાં હાજર હતા. તેમ છતાં પોલીસે નોંધેલી FIRમાં તેનું નામ આરોપી તરીકે સામેલ ન કરાતા અનેક સવાલો ઉભા થયા છે. પાયલ સાકરીયાને કયા કારણોસર બચાવી લેવામાં આવ્યા તે મુદ્દો સ્થાનિક સ્તરે અને સોશિયલ મીડિયામાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

આપના કયા આઠ સામે કાયદેસરની કાર્યવાહી?

રજનીભાઈ પોપટભાઈ વાઘાણી (35), વિપુલભાઈ વશરામભાઈ સુહાગીયા (44), રામભાઈ ભીખાભાઈ ધડુક (43), પંકજભાઈ વ્રજલાલ ચાવડા (42), ધર્મેશભાઈ જયંતીભાઈ ભંડેરી (43), ધર્મિષ્ઠાબેન કિર્તીકુમાર વરીયા (42), રીધ્ધીબેન છગનભાઈ ડાભી (30) અને રચના અંકુરભાઈ હીરપરા (36) તરીકે થઈ હતી. પોલીસે ઘટનાના પગલે તમામ સામે ગુનો નોંધી અટકાયત કરી છે. આ કેસમાં વરાછા પોલીસ સ્ટેશનના PSI વિક્રમભાઈ દજાભાઈ માળી વધુ તપાસ કરી રહ્યા છે.

સિગ્નલ સ્કૂલને શાળા સમજીને શિક્ષકોને મેનેજમેન્ટની ડ્યુટી!

'શિક્ષકની મૂળ ફરજ ભણાવવાની કે કાર્યક્રમો સંભાળવાની?': શિક્ષક આલમમાં સવાલ

નિયમિત શિક્ષકોને આવા કાર્યક્રમોમાં જોડતાં વર્ગખંડનો સમય ઘટવાની ચિંતા, અલગથી સ્ટાફની માંગ

સુરત : ટ્રાફિક સિગ્નલો પર ભીખ માંગતા બાળકોને શિક્ષણના પ્રવાહમાં લાવવાના હેતુથી પાલિકા અને સુરત ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસિસના સહયોગથી શરૂ થનારી 'સિગ્નલ સ્કૂલ'ની પહેલને આવકાર મળી રહ્યો છે.

જોકે, તેના કાર્યક્રમના મેનેજમેન્ટ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિયમિત શિક્ષકોને જોડાતા શિક્ષક આલમ